**GJVD020549112024**

<u>વડોદરાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,(મ્યુનિ.કોર્ટ) મુ.વડોદરા.</u>

ક્રિમિનલ કેસ નં.૪૮૨૧૯/૨૦૨૪
આંક–

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ હામાભાઈ લઘરાભાઈ ભરવાડ

**ગુન્હોઃ–ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબ.**

ફરિયાદપક્ષના કેસની આંક–૧ અન્વયેની હકીકત ધ્યાને લેતાં આરોપી સામે ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ– ૧૭૭,૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલાં આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ આરોપીએ તેની સામેના ગુન્હાની કબુલાત કરેલ છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી. તેમ છતાં આરોપી સદર ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છિક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના આક્ષેપિત ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭,૧૮૪ મુજબના ગુન્હા તકસીરવાન ઠરાવવામાં આવે છે તેમજ આરોપીની દયાની માંગણીને ધ્યાને લેતાં રહેમ દ્રષ્ટિ રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) આરોપીને સી.આર.પી.સી.૨૫૨ મુજબ ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવી રૂ.૭૦૦/– (અંકે રૂપિયા સાતસો પુરા) ના દંડની શિક્ષા કરવામાં આવે છે. જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો ૧(એક) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીના જામીન અપીલ સમય પુરતા ચાલુ રાખવા.

સદર હુકમ આજરોજ તા.૧૪.૦૯.૨૦૨૪ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૪.૦૯.૨૦૨૪
પાવતી નં.
રૂા.૭૦૦/– (અંકે સાતસો પુરા)

**(રીચા અગ્રવાલ)**
**Code No. GJ01640**
જયુડી.મેજી.ફ.ક.,(મ્યુનિ.),
વડોદરા.

Nazir
Judi.Magi.F.C.(Muni) court, Vadodara.